May 2017

# પાટણ પ્રતિબિંબ
# PATAN PRATIBIMB

Year 11 ● Issue 7 / 124
● Mumbai ● Page 12 ● Price Rs. 2/-
● RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર


ટેલિફોન : 22811346 ● 22811218 ● Mobile: 9167902267 ● www.patanmandal.org ● Email : patanmandal@gmail.com



## પ્રમુખ સ્થાનેથી...

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા વિવિધ ક્ષેત્રમાં અપાતી સહાયની વિગતવાર માહિતી પ્રતિબિંબના ગત અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવી હતી. શિક્ષણ સહાય માટે આપણી પાસે ૨૬૩ અરજી હતી જેમાં જરૂરિયાત લગભગ રૂા. ૮૦ લાખની હતી જેની સામે આપણે લગભગ ૩૨ લાખ આપ્યા છે. આ રીતે જરૂરિયાતના આપણે ૩૦% આપી શકયા છીએ.

મેડીકલના ક્ષેત્રમાં સહાય માટે ૧,૧૩૦ અરજીઓ આવી હતી જેમાં રૂા. ૧૫૦ લાખની જરૂરિયાત સામે લગભગ ૬૦ લાખ રૂપિયા આપી શકયા છીએ. એટલે કે જરૂરિયાતના ૪૦% આપી શકયા છીએ. સમાજ ઉત્કર્ષમાં પણ ૩૫૧ પરિવારોને આપણે કુલ રૂા. ૨૮ લાખ આપી શક્યા છીએ. એટલે કે પરિવાર દિઠ સરેરાશ આપણે લગભગ રૂા. ૮,૦૦૦/- આપ્યા છે. તે પણ જાન્યુઆરી માસમાં **''સમાજ ઉત્કર્ષ ફંડ''** હેઠળ પ્રાપ્ત થયેલ ભેટોમાંથી વધુ રૂા. ૮ લાખ આપ્યા હતા, તે ગણતરીમાં લેતા.

એકંદરે શિક્ષણમાં માત્ર ૩૦%, મેડીકલમાં ૪૦% અને પરિવાર દિઠ અપાતી આર્થિક સહાય તેઓની જરૂરિયાત સામે ઘણી જ ઓછી છે, શ્રી પાટણ જૈન મંડળ શતાબ્દિ ગૌરવ ફંડમાં લગભગ રૂા. ૧૦ કરોડ ભેગા કરવાનું લક્ષ્ય રાખેલ છે. આ માટે લગભગ રૂા. ૩ કરોડના વચન મળી ચૂક્યા છે. મને આશા છે કે, **આપણે દાતાઓના સાથ-સહકારથી રૂા. ૧૦ કરોડનું લક્ષ્ય જરૂર પાર કરી શકીશું. ''શતાબ્દિ ગૌરવ ફંડ'' માટે આપણા કાર્યકર્તાઓ સમાજના દાતા પરિવારોનો સંપર્ક કરી રહ્યા છે. સૌ દાતાઓ ઉદારતાપૂર્વક ફાળો આપી આપણા સમાજ પ્રત્યેનું ઋણ અદા કરે એ ઈચ્છનીય છે.**

સમાજ ઉત્કર્ષ સમિતિ તા. ૧૦-૯-૨૦૧૭ ને દિવસે **સહારા સ્ટાર હોટલ (વિલેપાર્લા) ખાતે ત્રીજા ટ્રેડફેરનું** આયોજન કરી રહી છે. અગાઉ કરતાં આ વર્ષે આપણે ટ્રેડફેરનું આયોજન મોટા પાયા પર કરી રહ્યા છીએ. આ વખતે ખાસ કરીને આપણે પાટણના ઉદ્યોગ ધરાવતા પરિવારો માટે ટ્રેડ સાથે ઈન્ડસ્ટ્રીઝને પણ આમંત્રણ આપી રહ્યા છીએ.

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૩)

## *From President's Desk...*

The assistance provided by Patan Jain Mandal in various fields has been presented in detail in the last issue of Pratibimb. With regards to education, we received 263 applications that required nearly 80 lakhs for fulfillment. In response, we were able to provide INR 32 lakhs, achieving 30% of the requirement.

In the field of medicine, we received 1,130 applications that called for INR 150 lakh, to which we were able to provide 60 lakh, thereby fulfilling 40% of the requirement. In order to fulfill our social duty, we also gave 351 families a total of 28 lakh, i.e., INR 8,000 per family. This includes the 8 lakh raised by the Samaj Utkarsh Fund through donations in January.

In short, despite fulfilling 30% of the educational requirements and 40% of the medical requirement, while also aiding the various families in need, we are nowhere close to meeting the needs of all applicants. For this reason, Patan Jain Mandal aims to gather INR 10 crore through the **Shatabdi Gaurav Fund. From this, donations for INR 3 crore have already been promised. I hope that our goal of 10 crore will be met with ease.**

The volunteers for the **Shatabdi Gaurav Fund** are contacting various donors within the community. Consequently, I hope that every philanthropist will contribute generously and complete their duty towards societal upliftment.

Furthermore, on 10.9.2017, the Samaj Utkarsh Committee will also be inaugurating the **Third Trade Fair at the Sahara Star Hotel (Vile Parle).** This year's fair has been organized at a larger scale than the previous ones. To encourage entrepreneurs, we have extended invitations to industrialists alongside tradesmen. I am certain that Patan's families will take full advantage of this.

Furthermore, a special invitation is also being

(Cont'd on Pg 3)

# GST SEMINAR **અહેવાલ**





**પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન રજુ કરતા ઓફિસર તથા તેમનું સન્માન કરતા ટ્રસ્ટી શ્રી પંકજભાઈ** **ઉપસ્થિત વ્યાપારી ભાઈઓ**

GST= Goods & Services Tax. તાજેતરમાં સરકાર દ્વારા લોકસભામાં પસાર થયેલ મહત્વના ખરડાઓ પૈકીનો એક એવો GST, એટલે કે તમામ રાજ્યમાં વેચાણ ઉપર લેવાતા અલગ અલગ ટેક્ષ ને બદલે સમગ્ર દેશમાં સમાંતર ટેક્ષ. આ સંબંધી લોકોમાં ઘણી ગેરસમજ પ્રવર્ત્તે છે તે દૂર કરવા તેમજ GSTના વિષય ઉપર સમાજને અવગત કરાવવા શ્રી પાટણ જૈન મંડળની સમાજ ઉત્કર્ષ સમિતિ દ્વારા ગુરુવાર તા. ૧૧-૫-૨૦૧૭ના એક સેમીનારનું આયોજન પાટણ જૈન મંડળ સભાગૃહ, મરીનડ્રાઈવ ખાતે કરવામાં આવ્યું હતું. આ સેમીનારમાં સરકાર તરફથી ઉચ્ચ અધિકારીઓ ખાસ હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં માનદ્‌મંત્રી શ્રી નીખીલભાઈ બેન્કર દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત સેલ્સ ટેક્ષ ઓફિસર શ્રી કીરણ શીંદે અને ડેપ્યુટી કમીશ્નરનું પ્રમુખ શ્રી દિનેશભાઈ, શ્રી મંગેશ ગુંડાવલે જોઈન્ટ કમીશ્નર શ્રી એ.એ. ચાહુરે અને ડેપ્યુટી કમીશ્નરનું ટ્રસ્ટીશ્રી પંકજભાઈ તથા ઉપ પ્રમુખ શ્રી દિપકભાઈના વરદ હસ્તે પુષ્પગુચ્છ એનાયત કરી અભિવાદન કરવામાં આવેલ.

સેમીનારમાં લગભગ ૧૫૦ જેટલા પાટણના નાના-મોટા વેપારીઓએ હાજર રહીને અધિકારીઓને સાંભળ્યા હતા. સરકાર તરફથી જણાવ્યા પ્રમાણે તેનો અમલ તા. ૧-૭-૨૦૧૭થી થશે. આ સંબંધે હાર્ડવેર, કાપડ, કેમીકલ્સ, ફાર્માસ્યુટીકલ્સ તેમજ જ્વેલેરીના વેપારીઓના અનેક પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો અપાયા હતા.

GSTમાં રીટર્ન્સ કઈ રીતે મોકલાવવા અને GST કોને એપ્લીકેબલ થાય છે તે અંગે સરકારના અધિકારીઓએ વિસ્તારપૂર્વક સમજણ આપી હતી. શક્ય હશે તો GST અંગે જુન માસમાં બીજા એક સેમીનારનું આયોજન કરવું તેવું ઘણાનું સૂચન છે.

કાર્યક્રમના અંતે સહ માનદ્‌મંત્રી ફાઈનાન્સ શ્રી દેવેશભાઈ દ્વારા ઉપસ્થિત સર્વે ભાઈ-બહેનો પ્રત્યે આભાર માનવામાં આવ્યો હતો.

**ખાસ નોંધ :** ઉપરોક્ત સેમીનારમાં રજૂ થયેલ PPTની ફાઈલ સંસ્થામાં ઉપલબ્ધ છે જેમને તેની જરૂર હોય તેઓ patanmandal@gmail.com ઉપર જાણ કરશે તો ઈમેલ દ્વારા મોકલવામાં આવશે.

❑ **Eco & Soc Upliftment Committee**

## શ્રી બી.ડી.એસ વિદ્યાલયનું ઝળઝળતું પરિણામ, શાળાનો વિદ્યાર્થી સમગ્ર ગુજરાતમાં પ્રથમ



ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૭માં લેવાયેલ ધો. ૧૨ સાયન્સ, સેમીસ્ટર ૪ નું પરિણામ જાહેર થતાં શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત શ્રી ભોગીલાલ દોલતચંદ, સાર્વજનિક વિદ્યાલય, પાટણનું ઝળહળતું પરિણામ આવ્યું છે.

**આપણી શાળાનો વિદ્યાર્થી મોદી રાહુલ નૈષધકુમાર ધો. ૧૨ સાયન્સમાં ૯૯.૮૫% P.R. રેન્ક સાથે પાટણ જિલ્લામાં A-1 ગ્રેડમાં સ્થાન હાંસલ કરેલ છે. તેણે સાયન્સ થિયરીમાં ૯૯.૯૯% P.R. રેન્ક મેળવી સમગ્ર ગુજરાત રાજ્યમાં પ્રથમ સ્થાન A-1 ગ્રેડ પ્રાપ્ત કરેલ છે. રાહુલ મોદીએ** શાળાનું, સંસ્થાનું તથા પાટણ શહેરનું નામ ઉજ્જવળ કરી ગૌરવ વધારેલ છે, જે બદલ ખૂબ ખૂબ અભિનંદન અને ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભેચ્છા. શાળાના આચાર્યશ્રી તથા વિજ્ઞાન પ્રવાહના શિક્ષકોની અથાગ મહેનતના પરિણામે આજે કેન્દ્રની પરીક્ષામાં પણ વિદ્યાર્થીઓ સારી સિદ્ધિ મેળવે છે. તે બદલ સંસ્થા તરફથી અભિનંદન.

**શાળાના નીચે મુજબના આઠ વિદ્યાર્થીઓને ગુજરાત સરકાર તરફથી પાંચ વર્ષ સુધી, દર વર્ષે દરેકને રૂા. ૮૦,૦૦૦/- સ્કોલરશીપ મળશે.**




**ધો. ૧૨ સાયન્સના ઉત્તિર્ણ તેજસ્વી વિદ્યાર્થીઓ તથા આચાર્યશ્રી**

| નામ | પી.આર. | નામ | પી.આર. |
|---|---|---|---|
| મોદી રાહુલ એન. | ૯૯.૮૫ A -1 | પટેલ પૂજન આર. | ૯૬.૨૨ |
| પટેલ ઝીલ આર. | ૯૯.૧૧ | દરજી ધ્વનિત પી. | ૯૫.૦૨ |
| મોદી ખુશી એન. | ૯૬.૬૨ | પટેલ પ્રિયેન ડી. | ૯૨.૬૪ |
| પટેલ શિવાંગી. જે. | ૯૬.૪૧ | દેસાઈ ધ્વનિ એમ. | ૯૨.૧૯ |

ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં લેવામાં આવેલી JEEની પરિક્ષાનું પરિણામ જાહેર થયું એમાં **પાટણ જિલ્લામાં આપણી શાળાનો પટેલ પૂજન રાકેશકુમાર પરીક્ષામાં પ્રથમ ક્રમાંકે ઉતીર્ણ થઈ શાળા પરિવારનું ગૌરવ વધારેલ છે** તે બદલ સંસ્થા અને શાળા તરફથી ખૂબ ખૂબ અભિનંદન.

## પ્રમુખસ્થાનેથી... (અનુસંધાન પૃષ્ઠ પહેલાથી ચાલુ)

મને વિશ્વાસ છે કે, પાટણના પરિવારો આનો પૂરેપૂરો લાભ ઉઠાવશે.

આ ટ્રેડફેરમાં આર્થિક જરૂરિયાતવાળા સ્વાવલંબી બનવા ઈચ્છુક પરિવારોને ખાસ પત્ર લખીને ભાગ લેવા આમંત્રિત કર્યા છે. **સમાજના સૌની દિન-પ્રતિદિન પ્રગતિ (Growth) થાય અને એકંદરે સંપૂર્ણ સમાજ સમૃદ્ધ થાય તે ઈચ્છનીય છે. ટ્રેડફેર જેવા માધ્યમથી સમાજના સૌ એકબીજાના સંપર્કમાં આવે (*P for P*) પટણી ફોર પટણીની ભાવનાથી એકબીજાના ઉત્કર્ષમાં સહભાગી થાય તેવી અપેક્ષા છે.**

સમાજ ઉત્કર્ષ સમિતિ તરફથી GST ના વિષય પર એક સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સમાજના નાના-મોટા વેપારીઓ તેમજ ઉદ્યોગપતિઓએ હાજર રહીને ધ્યાનપૂર્વક સરકારી અધિકારીઓને સાંભળ્યા તેનો મને આનંદ સાથે સંતોષ છે. કાર્યક્રમના અંતમાં હાજર રહેલા શ્રોતાઓએ ઘણા પ્રશ્ન પૂછીને ખુલાસાઓ સાથે માહિતી મેળવી.

❑ દિનેશ શાંતિલાલ શાહ

## FROM PRESIDENT'S 1DESK...(Cont. from Page 1)

sent out to families in need, encouraging them to participate as well. Through this, I am hopeful for the growth of each family, leading to the overall progress of our community.

**The trade fair provides a means for every member to come in contact with one another, fostering an environment of brotherhood and allowing everyone to partake in the overall social upliftment.**

Lastly, the Samaj Utkarsh Committee had also organized a seminar for GST that was attended by various businessmen from our community. Each member patiently listened to the government officials speaking and received insightful answers to the various questions put forth.

❑ Dinesh Shantilal Shah

## જયવંતુ જિન શાસન

આજે દુનિયામાં શ્રેષ્ઠ જૈન ધર્મ જ છે, અહિંસાના પાયા પર જૈન ધર્મ રચાયેલો છે, જિન શાસનની સ્થાપના આપણા અનંતા અનંત ઉપકારી તીર્થંકર પરમાત્માઓએ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થયા પછી કરી છે. દેશના દ્વારા મોહના અંધકારમાં અથડાતા જીવોને સાચુ શાશ્વત સુખ મળે તે માટે 'સવિ જીવ કરું શાસનરસી' એવી ભાવનાનું દાન આપે છે. જિન શાસન જયવંતુ બને તે માટે આજે આગમરૂપી જ્ઞાન દિવડો સાધુ - સંતોની વાચનાના બળે ઝગમગતો રહ્યો છે. જિનશાસન જયવંતુ છે એટલે તો આજે નાના નાના બાલુડાઓ વેકેશનમાં નવ્વાણું યાત્રા - ઉપધાન તપ - ભાવથી ઉમંગથી કરે છે. શ્રુત ભક્તિ, ગુરુ ભક્તિ, સંઘ ભક્તિ કરવા કરાવવા પૂ. મહાત્માઓ ખૂબ જ શ્રમ લે છે.

ક્ષત્રિયકુંડમાંથી ૨૬૦૦ વર્ષ પ્રાચિન પ્રતિમાજીની ચોરી મંત્ર-તંત્ર અને તપના પ્રભાવથી મૂર્તિ અખંડ પરત મળી તે પણ જિનશાસનનો પ્રભાવ જ ને ! જિનશાસનની દિવ્યતાના દર્શન પૂર્વના સાધુસંતોના જીવનમાં, પૂર્વના મહાપુરુષોના જીવનમાં થાય છે. અનેક કષ્ટો જીવનમાં આવે તો પણ સમતાભાવ. આજના આ વિષય મોહમાયાના યુગમાં પણ અનેક પુણ્યાત્માઓ દીક્ષા લઈ તપ, જપ, ધર્મ કરી ત્યાગી જીવનને ઉજમાળ બનાવે છે, આ શાસનની બલિહારી જ છેને !

પૂ. પન્યાસજી હંસરત્ન વિજયજી મહારાજે ઉગ્ર ગુણરત્ન સંવત્સર તપ કર્યો. પૂ. સાધ્વીજી મ. હંસકીર્તીશ્રીજીએ વર્ધમાન તપની ૩૦૦ ઓળી પૂર્ણ કરી તે જયવંતા જિનશાસનની કૃપા બળે જ. જિનશાસનની જ્યોત જ્વલંત જ છે અને રહેશે. તેના વિશે લખવા કલમ નાની પડે બસ પ્રભુ અમને માનવ જીવનના સાચા રાહી બનાવે અને મોક્ષગામી બનાવે તેવી ભાવભરી મનોકામના.

"એક, દો, તીન, ચાર જૈન શાસનનો જયકાર."

❑ શ્રીમતી ઉર્મિલાબેન ધીરેન્દ્રભાઈ ઝવેરી


## One of Its Kind Montessori School Now Open at Tardeo

UBUNTU Montessori

| | | | |
|---|---|---|---|
| ✓ | Pure Montessori curriculum | ✓ | Education based on observation |
| ✓ | Holistic development | ✓ | Safety and Security |
| ✓ | Specially prepared environment | ✓ | Parent teach collaboration |

**Toddler program (18 months to 30 months)**

**Early Childhood Program (2.5 to 6 years)**

**ADMISSIONS OPEN FOR JULY**

Call: 9833719792 or Email: admissions@ubuntumontessori.in • Website: www.ubuntumontessori.in

Address: Unit 4, Film Center Building, Ground Floor, 68 Tardeo Road, Mumbai 400034

Founded by **Sejal Shah**

*(Daughter-in-law of Dinesh Rasiklal Shah & Daughter of late Mahendra Shantilal Shah)*

*All teachers are highly experienced and trained by Association Montessori Internationale (Netherlands).* Advt

## તંત્રી સ્થાનેથી...

### આયંબીલની ઓળીએ અનુભવાયો દિવાળીનો અહેસાસ

શ્રી પાટણ જૈન મંડળની સ્થાપના સને ૧૯૧૨માં શિક્ષણક્ષેત્રે સમાજને સહાયક થવાના ઉત્તમ આદર્શ અને અભિગમ લઈને થયેલ, જેને સંસ્થાએ આજે ૧૦૪, વર્ષની પૂર્ણાહુતીએ પણ અક્ષરશ જાળવી રાખેલ છે. સાથોસાથ સંસ્થા પાસે સમાજના આર્થિક જરૂરિયાતવાળા પરિવારો તરફથી જીવન નિર્વાહ, મહિલાઓના ઉત્કર્ષ માટે સહાય, સમાજના ૬૫ વર્ષ કે તેથી વધુ વયના વયસ્કો માટે વૃદ્ધજન સહાય તેમજ રહેઠાણના મેન્ટેનન્સ - ભાડા તરીકે આર્થિક વળતર મેળવવા માટેની અરજીઓ આવે છે. જેમાં અપૂરતા ફંડના લીધે આપણે ઘણી ઓછી રકમજ ફાળવી શકીએ છીએ.

ગત વર્ષ દરમ્યાન આપણા સમાજના આવા ૩૫૧ પરિવારોએ સંસ્થામાંથી આર્થિક સહાય લીધી હતી, આમાંના કેટલાક પરિવારો ઘણી વિકટ પરિસ્થિતિમાં જીવન જીવી રહ્યા છે. આપણી સંસ્થા આવા પરિવારોને ભાડા રાહત, મહિલા ઉત્કર્ષના નેજા હેઠળ વિધવા તથા ત્યક્તા બહેનોને તેમજ વૃદ્ધજન સહાયમાં આર્થિક મદદ કરે છે.

બદલાયેલા સંજોગોમાં વ્યાજના દર ઘટવાથી સંસ્થા પાસેના ફંડના સ્ત્રોતમાં ઓર ઘટાડો થયેલ છે. એની સામે સહાય માટેની અરજીઓની સંખ્યામાં દર વર્ષે વધારો જ થતો હોય છે. આવી પરિસ્થિતિમાં આવતા દશ વર્ષમાં સહાયની રકમને આપણા સમાજમાં સંતોષકારક પ્રમાણમાં આપી શકીએ તે હેતુથી સમાજ ઉત્કર્ષ ભંડોળ વધારવું અનિવાર્ય છે.

સમાજના સાધર્મિકો પ્રતિ સંસ્થામાં સખાવત આપતા દાતાઓની અંતરની હુંફ અને પ્રેમ હજુપણ અકબંધ હોવાથી સંસ્થા દ્વારા કરવામાં આવતી ટહેલનો સકારાત્મક પ્રતિસાદ પ્રાપ્ત થયેલ છે અને માર્ચ માસ પર્યંત રૂા. ૨૩ લાખની વધારાની આવક ઉભી કરવા મંડળ શક્તિમાન બની રહ્યું છે.

સમાજના આર્થિક જરૂરિયાતવાળા પરિવારોને તેમનો જીવન વ્યવહાર સરળતાથી ચલાવી શકાય તે માટે જોઈતી સહાયની વિગતો સમજી શકાય તેવા શુભ આશયથી **''સમાજ ઉત્કર્ષ સર્વે ફોર્મ''** તૈયાર કરી તેઓને મોકલાવેલ અને જેમાંથી લગભગ ૧૮૫ પરિવારોએ તેઓના ફોર્મ ભરીને મોકલાવેલ. તેઓ ભરેલ ફોર્મમાંની વિગતોની ચકાસણી કરી માર્ચ માસના અંતમાં લગભગ ૧૬૫ પરિવારોને આર્થિક સહાય, વૃદ્ધજન સહાય તથા મહિલા ઉત્કર્ષ સહાય રૂપે વધારાના કુલ રૂા. ૭,૯૦,૦૦૦/- મોકલાવી આપવામાં આવેલ છે.

તેનો બીજો અર્થ એમ પણ તારવી શકાય કે, તેટલા પરિવારોની આંતરડી ઠારવામાં સંસ્થા નિમીત્ત બની છે. **એટલે કે ચૈત્ર માસની આયંબીલની ઓળી દરમ્યાન તેઓને આસો માસની દિવાળીનો અહેસાસ કરાવેલ છે.**

આ ઉપરાંત હજુ કેટલીક સ્વાવલંબન - સ્વરોજગાર મેળવવા પણ આવેલ અરજીઓની વધુ ચકાસણી કરવાની શેષ હોઈ તેઓને ચાલુ માસમાં રૂબરૂ બોલાવી તેઓની જરૂરિયાત અનુસાર વધુને વધુ સહાયભૂત બનવાના પ્રયત્નો સમાજ ઉત્કર્ષ સમિતિ દ્વારા કરવામાં આવશે.

સંસ્થાની શતાબ્દિ પૂર્ણાહુતીએ સમાજના ઉપરોક્ત જરૂરિયાતમંદ પરિવારોની પુરેપુરી માંગણી સંતોષી શકવાનો સમાજ ઉત્કર્ષ સમિતિએ મનોરથ સેવેલ છે, **તેને પૂર્ણ કરવાની સંસ્થાની જવાબદારીમાં સમાજના દાતા પરિવારોનો સકારાત્મક સહકાર હંમેશ માફક મળી રહેશે જ,** એવી અપેક્ષા અસ્થાને નહીં જ લેખાય!

આપણા શાસ્ત્રોમાં સાધર્મિક વાત્સલ્ય એ પણ પાંચ કર્તવ્યોમાંનું એક મુખ્ય કર્તવ્ય તરીકે લેખાયું છે, ત્યારે આપના દ્વારા પ્રાપ્ત થનાર ઉત્કૃષ્ટ ભાવના સાથેનું આર્થિક યોગદાન કેટલાંય સાધર્મિક પરિવારો માટે જીવન જીવવામાં નિમિત્ત બની રહેશે.

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા દર વર્ષની માફક ચાલુ સાલે પણ નિયમીત આર્થિક સહાય મેળવવાના અરજી ફોર્મ આપવાનો આરંભ થઈ ગયેલ છે જેની સાથે દરેક અરજદારે **''સમાજ ઉત્કર્ષ સર્વે ફોર્મ''** ભરવુ પણ અનિવાર્ય છે. આ ફોર્મના આધારે જ ચાલુ સાલે દરેક અરજદારોને આર્થિક સહાય - વૃદ્ધજન સહાય, મહિલા ઉત્કર્ષ સહાય કે ભાડા સહાય આપવામાં આવશે. જેની ખાસ નોંધ લેવા વિનંતી.

❑ **સંપાદક સમિતિ**


**અતિથિગૃહ**

- KKKના અતિથિગૃહમાં ૪ બ્લોક તથા શ્રી શીતલ શાંતિભવન ખાતેના ત્રણ બ્લોકોની વ્યવસ્થા છે.
- આ દરેક બ્લોકમાં એસી, ટીવી તથા ગરમપાણી સહીત અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ છે.
- નવકારશી, બપોરના જમવા સાથે ચઉવિહારની સગવડ છે.
- પાટણ દર્શનની વ્યવસ્થા કરી આપવામાં આવશે.

**KKK અતિથિગૃહ બુકીંગ માટે સંપર્ક :**
કનાસા કલ્યાણ કેન્દ્ર પાટણ - 02766-224720
જનક બાલુભાઈ શાહ - 09323115714
કમલ બાબુભાઈ શાહ - 09820063762

**શ્રી શીતલ શાંતિભવન બુકીંગ માટે સંપર્ક :**
શરદ પટવા - પાટણ- 02766 220040
શૈલેષ કેશવલાલ શાહ - 09821023693

# કનાસા કલ્યાણ કેન્દ્ર

પાટણ: 02766-224720 • મુંબઈ: જીતુભાઈ - 9699053690 • જયેશભાઈ - 099-203-85597

**નવા વર્ષની મેમ્બરશીપ - ખાસ આકર્ષણ**

કનાસા કલ્યાણ કેન્દ્ર સફળતાપૂર્વક ૧૨ વર્ષ પૂર્ણ કરી ૧૩માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે. **ત્યારે સૌ પ્રથમ ૧૨ માસના લવાજમ રૂા. ૨૫૦૦/- રાખવામાં આવ્યા છે, જેમાં એપ્રિલ-૧૭ થી માર્ચ-૧૮ સુધીમાં દર ૨ મહિને ૧ ડીલીવરી એમ કુલ ૬ ડીલીવરી ઘર પહોંચ કરવામાં આવશે.**

**ખુશખબર : દરેક ડીલીવરીમાં એક કોમ્પ્લીમેન્ટરી ગિફ્ટ આપવામાં આવશે.**

આપના કુટુંબીજનો, સગાં-વહાલા તથા મિત્રોને અવશ્ય મેમ્બર બનાવવા પ્રયત્ન કરશો. ફોર્મ તથા પૈસા નીચે જણાવેલ વ્યક્તિઓ પાસે જમા કરાવશો.

| | | | |
|---|---|---|---|
| Walkeshwar Dehrasar | Marine Drive | Kalbadevi Road | Gowalia Tank |
| Bharatbhai - 9820452406 | Deepakbhai - 9820522936 | Janakbhai - 9323115714 | Kamalbhai - 9820063762 |
| Meenaben - 9833271499 | Juhu / Vile Parle | Vile Parle | Santacruz / Vile Parle |
| Pydhonie / Nagdevi | Pravinbhai - 9820244026 | Daneshbhai - 9930891985 | Pankajbhai - 9820322648 |
| Shaileshbhai - 9821023693 | Malad/Kandivali/ | Goregaon | Vile Parle Sales Centre |
| Andheri | Borivali/Dahisar | Jitubhai - 9699053690 / | Jayeshbhai - 9920385597 |
| Niranjanbhai - 9819280255 | Bipinbhai - 9324621637 | 8767121628 | |

ADVT

3 TRADE FAIR

# SHREE PATAN JAIN MANDAL

## *Proudly Announces*

### 3rd TRADE FAIR & EXHIBITION

**10th September 2017, Sunday, 10.00 am to 8.00 pm**

**Venue: Hotel Sahara Star, Vile Parle (East)**

**Young Entrepenurs** નો ઉત્સાહ મંદ ન પડે અને તેઓના વ્યાપારને વધારેમાં વધારે મદદ-ઉત્તેજન મળે તેમ જ આવનાર નવરાત્રી, દિવાળી અને લગ્ન સીઝનનો પણ લાભ મળે એ હેતુસર 10th September 2017ના રોજ Hotel Sahara Star, Vile parle ખાતે Trade Fair 3 નું સહર્ષ આયોજન કરેલ છે. જેમાં ૧૮૦ સ્ટોલોનું આયોજન કરેલ છે.

બીજા ટ્રેડફેરના સ્ટોલ ધારકોના અભિપ્રાય અનુસાર આ વખતે મોટા સ્ટોલોનો સમાવેશ વધુ સંખ્યામાં કરવામાં આવશે જેનો સમાજના ધંધાદારી વર્ગો મોટા પ્રમાણમાં લાભ લેવા વિનંતિ.

આ વખતે ધંધા માટેની ધગશને વ્યવસ્થિત રીતે રજૂ કરવા મોટા પાયાનું આયોજન એક **BIG TASK** બની રહેશે. સમિતિના કાર્યકર્તા અને સમાજના ધંધાર્થીઓના મનોબળ વધારવા ઉદારદિલ દાતાઓએ પોતાનો યશસ્વી ફાળો આપી આયોજક ટીમનો ઉત્સાહ બમણો કરી દીધેલ છે.

**તો ચાલો આપણા સમાજને સમૃદ્ધ કરવા ટ્રેડફેરને સફળ કરીએ.**

❑ **Eco & Soc Upliftment Committee**

### STRONG PILLARS *of* TRADE FAIR

**BHAGVATIBEN KANTILAL SALVI**
SALVI WADO
By: SHRI HEMANTBHAI SHAH

**PRABHAVATIBEN VRAJLAL SHAH**
POLNI SHERI
By: SHRI RAJU, TEJAL, DEEP, PRIYA
Antwerp, Belgium

**KIRTIBHAI BALUBHAI SHAH**
KESHU SETH NO PADO
By: SOMIRA DIAMOND

**BHAGVATIBEN VINODCHANDRA SHAH**
(MATLIWALA) KANASA NO PADO
By: SHRI DANESH, BHAGYESH, SUKESH, DHIREN

### ATTRACTIONS OF 3rd TRADE FAIR

1. Five Star Hotel Sahara Star centrally located in city
2. Sapphire Hall, Total 40,000 Sq. feet. 26,000 Sq. feet without Pillar, fully high quality AC
3. Nearby western express highway Vile Parle (east). Opp. Domestic Airport.
4. Minimum Auto fare from Vile Parle Railway Station.
5. Space for parking with vallet service.
6. Free Tea, Coffee, biscuits & mineral Bottle served and managed by Sahara Star Hotel.
7. Lunch and dinner at Sahara Star Hotel with special 40% concessional rate.
8. Added attractions of lucky draw every hour.

### ATTRACTIONS FOR NAVRATRI, DIWALI AND WEDDING SEASON

1. High quality, competitive pricing and attractive products.
2. Different kind of wedding products like Gold & Diamond jewellery, High value designer dresses, valuable gift articles.
3. Customize purses and clutches.
4. Make to order chocolates, cookies and mouth fresheners.
5. Homemade khakhra, papad, salevda and sweets.
6. Product of artists like - paintings, wallpapers, decorative articles.
7. Especially different kind of diwali products like toran, candles, diyas and rangoli.
8. Special dresses for navratri.
9. Different kind of service available like, stock broking, finance, LIC, yoga, tours and travels, special arts, interior design.
10. We invite Manufacturers, Distributors, Wholesalers, Dealers, Company representatives of various Industries like: Electrical & Hardware, Chemicals & Pharmaceuticals, Real Estate Developers and Associated Services

### FORMS COLLECTION & SUBMISSION CENTER

a. **MARIN DRIVE:** PJM, HO, 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai 400020, Phone: 22811346
b. **NAGDEVI:** Jyotindra Devdawala ELEGANT SPARES & SERVICES: 42, Nagdevi Cross lane, Gr. Flr., Mumbai 3 Phone 23441018, 23420897
c. **CHOWPATTY:** Devesh Shah 33, Vidya Niwas, Behind Chowpatty Bandstand Petrol Pump, MUMBAI 400 006 Tel: 9869333716
d. **VILEPARLE (E):** Janak Shah 10. Vibhavasu 28. Tejpal Road Vileparle (East) Mumbai 400057 Tel: 9820064668
e. **VILEPARLE (W):** Bhartiben Bhagubhai Shah A /26- Gautam Dhan Apts, Dadabhai Rd, Vile Parle (W), Mumbai-400 056, Tel: 26715575
f. **GOREGAON:** PJM, Goregaon, Roopam, 152 Jawahar Nagar, Goregaon West Mumbai 400062, Phone: 28776090
g. **MALAD:** Bhavik Shah B303, Keval Tower, Opp. SNDT college. Malad (W) Mumbai 64. Tel: 7666676701
h. **BORIVALI:** PJM, Borivali, 23/1, Ratan nagar, D. N Dube Marg, Borivali East, Mumbai 400068, Phone: 28911308
i. **BHAYANDER:** Nilesh Kantilal Shah, 201, Todi Bhavan, Modi Patel Rd., Bhayander (W),-Thane 401101, Tel: 28183755
j. **VASAI:** Nilesh Shah 101, Aishwariya Bldg, Evershine City,Near Dattatray Tower Phase-2, Vasai (E), Thane, 401 208. Tel: 9820200523

# SHREE PATAN JAIN MANDAL

**77, PATAN JAIN MANDAL MARG, MARINE DRIVE, MUMBAI-400020.** No. .................

## Application form for TRADE FAIR CUM EXHIBITION
## Sunday, 10th September 2017

Photo

1. Full Name ____________________
2. Mohallo ____________________
3. Residential Address ____________________
4. Contact Number ____________________
5. Email ____________________
6. Participated in PJM Trade Fair @ Vile Parle? Yes\No 7. Participated in @ sahara star? Yes\No
8. Sales generated from previous Trade Fair ____________________
9. Category of product\service ____________________
10. Details about product\service ____________________

____________________

Stall Type (Width X Depth in Meters)

- o **2m X 2m (7000/-)**
- o **3m X 3m (18000/-)**
- o **5m X 3m (30000/-)**
- o **3m X 2m (12000/-)**
- o **4m X 3m (24000/-)**
- o **4m X 4m (32000/-)**
- o **5m X 4m (40000/-)**

**NOTE**

1. Stall Owners need to be of Patan Origin.
2. Forms needs to be submitted with stall rent from **1st June 2017** at any of the address mentioned on pg 5. Before **20th June 2017**.
3. Submission of form and stall rent does not confirm your booking. Also note Final confirmation of stall booking & allotment of the same will be at PJMs committee's discretion.
4. Food item / Product / Service details - Provide complete list and details of your food items- Compulsory Jain Food only / products / service.
   a. The same needs to be approved in advance by PJM Committee. Without which they will not be allowed in the premises.
   b. No live food counters are allowed.
   c. You can bring oven to heat food items.
   d. All food items need to packed \ wrapped.
   e. All approvals will be at PJM Committees discretion.

(Name: ____________________ Signature ____________________)

----------------------------------------------------------------------

For PJM Office Use Only

Category ____________________ Stall No ____________________ Approved By ____________________

----------------------------------------CUT HERE----------------------------------------

Below needs to be given to participant while submitting the form. Please note this receipt does not confirm your booking

Received a Sum of ____________________from ____________________

by (Sign by PJM Comm. Mem.) ____________________ on (date) ____________________

## શ્રી પાટણ જૈન મંડળ

**શ્રીમતી સુશીલાબેન ચંદ્રકુમાર મણીલાલ ઝવેરી (સાહેબા)**
**સાંસ્કૃતિક પ્રવૃત્તિ નિધિ પ્રેરિત..... પ્રોગ્રામ સમિતિ આયોજીત**





# "MUSICAL MINGLE 2017"

**Event Managed By: Sukesh Shah's** Avishkar™

**Super Singers: Archana Mahajan, Mrinalini Gharat, Saurabh Mehta**
**Singer & Anchor: Viren Bilicia**

**મ્યુઝિક તંબોલા**
**આકર્ષક ઈનામો સાથે**

**"Don't come single**
**Join the Jingle**
**There is more to Tingle**
**When you win prizes at**
**Musical Mingle"**

## રવિવાર, તા. ૧૮ જુન ૨૦૧૭

*ચૌવીહાર સમય સાંજે ૫.૩૦ થી ૬.૩૦ કલાકે (રાત્રિભોજન નિષેધ)*

• *કાર્યક્રમ સમય સાંજે ૭.૦૦ થી....*

**સ્થળ : પાટકર હોલ , ન્યુમરીનલાઈન્સ, મુંબઈ - ૪૦૦૦૨૦**

તમારા ડોનેશન પાસ તા. ૨૭-૫-૨૦૧૭થી મંડળના મુખ્ય કાર્યાલય ખાતેથી મેળવી લેવા વિનંતી.
ડોનેશન પાસ રૂા. ૩૦૦/૨૫૦/૨૦૦
વધુ વિગત માટે સંપર્ક: શ્રી પાટણ જૈન મંડળ 22811346 - 22811218
**VALET PARKING SERVICE AVAILABLE**

❑ પ્રોગ્રામ સમિતિ

## શ્રી પાટણ પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા

ટાંગડિયા વાડો, પાટણ–ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩

### નૂતન સહાય યોજના

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/-** • **સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**
**કાયમી તિથિ: રૂા. ૩૧,૦૦૦/-** • **દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.
**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.
**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦–જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**
**• સૌજન્ય : મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કું., મુંબઈ •**

ADVT

■ **અનુમોદના** - આયંબીલની ઓળી એટલે કર્મની હોળી. કહેવાય છે કે, કઠીનમાં કઠીન કર્મનો ક્ષય આયંબીલ કરવાથી થઈ શકે છે. ચાલુસાલે ચોમાસા દરમ્યાન ગોરેગામ, શ્રી જવાહરનગર જૈન સંઘમાં નવપદ આરાધનાની શાશ્વતી ઓળીનું આયોજન થયેલ તેના સૌજન્યદાતા પાટણ, ઢંઢેરવાડાના **કુમારી રીયા શૌરીનભાઈ શાહ** (હાલ અભ્યાસાર્થે અમેરિકા) હસ્તે **દાદીશ્રી પરેશાબેન રાજેશભાઈ શાહ** રહ્યા હતા, તેમની ભૂરિ ભૂરિ અનુમોદના. જેમાં લગભગ ૬૫૦ આરાધકોએ ઓળીનો લાભ લીધો હતો. ઓળી દરમ્યાન ૭૨૦૦થી વધુ આયંબીલની આરાધના થઈ હતી. આ પ્રસંગે પ.પૂ. જગતશેખર વિજયજી મહારાજની નિશ્રા પ્રદાન થઈ હતી. તપસ્વીઓના પારણા પ્રસંગે કુ. રીયાબેન તથા માતુશ્રી તૃષાલીબેન સૌરીનભાઈ તરફથી તપસ્વીઓનું વિશેષ પ્રભાવના દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું.


## MATRIMONIAL

| | |
|---|---|
| **Name** | : **JUBIN CHETAN ZAVERI** (Living At Toronto - Canada) |
| **Parents** | : Meeta & Chetan Kantilal Zaveri |
| **Birth Date** | : 10th October 1989 |
| **Birth Place** | : Patan **Time:** (IST 7.10 pm) |
| **Height** | : 5'-11" **Blood Group:** B + |
| **Education** | : BBA (Ahmedabad). PGDM in Global Business Management (Humber College, Toronto, Canada |
| **Employment** | : BANK OF TORONTO (2 Years & 9 Month) & Pursuing CFA (USA) |
| **Residence** | : Zaveri Vado, Ghivato, Patan - 384265 |
| **Contact No** | : +91 9825350084 & 02766 - 222969 |
| **E-mail** | : chetanzaveri34@yahoo.in |

ADVT


## પાટણના આપણા જિનાલયોમાં વણ વપરાયેલ પડ્યું રહેતું દેવદ્રવ્ય અને સાધારણ ફંડ

છેલ્લા કેટલાક સમયથી પાટણના જિનાલયોની જાળવણી વિશે અવાર-નવાર વિચાર-વિમર્શ થતો હોય છે. પાટણના પૂજ્ય આ. મેઘદર્શનસૂરીશ્વરજી મહારાજ સાહેબ પણ આ બાબતમાં ઘણો રસ લઈ રહ્યા છે. પાટણના દરેક મહોલ્લામાં અનેક પ્રકારની વિવિધતાઓથી ભરપૂર જિનાલયો આપણને વારસામાં મળ્યા છે. આપણે સૌએ ભેગા થઈને આ વારસો સાચવવાનો છે. આ જિનાલયોમાં કોઈપણ પ્રકારની આશાતના વગર નિયમિત રીતે પૂજા વિગેરે થાય તે જોવાની આપણી ફરજ છે.

એમ સંભળાય છે કે, કેટલાક મહોલ્લાઓને દેવદ્રવ્ય તેમજ સાધારણ દ્રવ્યની જરૂરિયાત રહે છે. પાટણના કેટલાક મહોલ્લાઓ પાસે મોટા પ્રમાણમાં દેવદ્રવ્ય તેમ જ સાધારણ દ્રવ્યના ભંડોળો વરસોથી વપરાયા વગરના પડયા રહે છે. એમાં કેટલાક જિનાલયના ટ્રસ્ટોને કદાચ આના પર મોટા પ્રમાણમાં ટેક્ષ પણ ભરવો પડતો હશે. મારી આ તમામ ટ્રસ્ટોને વિનંતી છે કે, તમે આસપાસના જિનાલયોને જેમને દેવદ્રવ્ય કે સાધારણ દ્રવ્યની જરૂરિયાત હોય તેમને ઉદારતાપૂર્વક સહાય આપે તે જરૂરી છે. **શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે જે પણ વહિવટી દેવદ્રવ્ય કે સાધારણ દ્રવ્ય ઉપયોગ વગર કે કારણ વગર જમા કરી રાખે તો તે દોષને પાત્ર થાય છે.**

અનેક આચાર્ય ભગવંતો પણ વારંવાર કહે છે કે, જીર્ણોદ્ધાર કરવામાં અનેક ગણું પૂણ્ય છે, તેમજ દેવદ્રવ્યની રકમ અન્ય કોઈ ખાતામાં વાપરવી તે દોષને પાત્ર છે. આપણે આશા રાખીએ છીએ કે, પાટણના જિનાલયોના વહિવટદારો ઉદારતાપૂર્વક અને દીર્ઘ દ્રષ્ટિ વાપરી વણ વપરાયેલ દેવ દ્રવ્ય કે સાધારણનું ભંડોળ પાટણના જે પણ જિનાલયોને ભંડોળની આવશ્યકતા હોય તેમને આપવામાં પાછી પાની નહીં કરે.


# શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ - ફોન (૦૨૭૬૬)૨૨૦૨૦૩ ટ્રસ્ટ રજી. નં. ઈ-૩૯૯

શ્રી પાટણ પાંજરાપોળ દ્વારા જીવદયા અંતર્ગત ''પશુદત્તક યોજના''ની નાખેલ ટહેલને ઉત્કૃષ્ટ પ્રતિસાદ આપી પુણ્યનું ભાથું બાંધનાર સર્વે દાતાઓની ઉપર આ અબોલ જીવોની આશિષ વર્ષા સતત વરસી રહેલ છે. ૧૦૦ થી વધુ પશુઓને દત્તક લેનાર દાતાઓની નામાવલી અત્રે પ્રગટ કરવાની સાથોસાથ તેઓ સર્વે પ્રતિ આભાર માનવામાં આવે છે.

**દાતાઓની નામાવલી**

બાબુ અમીચંદ પનાલાલ આદિશ્વર જૈન ટેમ્પલ ચેરીટેબલ ટ્રસ્ટ - વાલકેશ્વર
શ્રી મહેશભાઈ નેમચંદ શાહ (અપૂર્વ)
શ્રી આશિષભાઈ દિપકભાઈ ચંપકલાલ ઝવેરી
શ્રી કીર્તિલાલ બાલુભાઈ શાહ
શ્રી ચીનુભાઈ ચંપકલાલ શાહ
શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ
શ્રી દિપકભાઈ રેવંતિલાલ શાહ
શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ
બાબુ હર્ષ નરેન્દ્રભાઈ વિજયકુમાર

શ્રી યશવંતભાઈ હરિલાલ ઝવેરી
શ્રી હિતેનભાઈ પ્રવીણભાઈ ઝવેરી
શ્રી ઉષાબેન જશવંતલાલ રસિકલાલ શાહ
શ્રી મીતીનભાઈ ચંપકલાલ શાહ
શ્રી નૈલેશભાઈ કીર્તિલાલ ચોક્સી
શ્રી નરેશભાઈ નવનીતલાલ શાહ
શ્રી નિશિદભાઈ બી. શાહ
શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ
શ્રી પંકજભાઈ પનાલાલ શાહ

શ્રીમતી કલ્પનાબેન નિરંજનભાઈ અમૃતલાલ શાહ પરિવાર
શ્રી પ્રકાશભાઈ કનુભાઈ શાહ
શ્રી રાજેશભાઈ હિમ્મતલાલ શાહ
શ્રી રાકેશભાઈ નરેન્દ્રભાઈ શાહ
શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ અંબાલાલ
સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ
શાંતિલાલ પોપટલાલ ટ્રસ્ટ
શ્રી શ્રેણિકભાઈ મનહરલાલ
શ્રીમતી સુભદ્રાબેન રમણલાલ શાહ

ADVT

## સાભાર સ્વીકાર

**શ્રીમતી શારદાબેન બાબુભાઈ કાળીદાસ શાહ ફેમીલી ફ્લોટર પ્રિમિયમ ફંડ**

૭,૦૦,૦૦૦/- શ્રીમતી શારદાબેન બાબુભાઈ કાળીદાસ શાહ પરિવાર (કનાસાનો પાડો)

**વિદ્યાલય ડેવલપમેન્ટ કોરપસ ફંડ (ડિજીટલ શિક્ષણ ક્લાસ યોજના)**

૫,૦૦,૦૦૦/- શ્રી નીપાબેન પ્રવિણચંદ્ર શાહ
સ્વ. શ્રી પ્રવીણચંદ્ર લક્ષ્મીચંદ શાહના સ્મરણાર્થે
(મારફતિયા મહેતાનો પાડો)

**રિવોલ્વીંગ (એજ્યુકેશન) ફંડ**

૨,૦૦,૦૦૦/- શ્રી કંદર્પભાઈ સેવંતીલાલ ખાંડવાલા (કેશુશેઠનો પાડો)

**શિક્ષણ સહાય કોરપસ ફંડ**

૧,૨૫,૦૦૦/- શ્રી આશિષ જતીનભાઈ શાહ (કનાસાનો પાડો)
શ્રીમતી અનસુયાબેન બાલુભાઈ શાહના
સ્વાથ્ય સભર ૯૦ વર્ષ પૂર્ણ થયાની ખુશાલીમાં
હ. મીતા, સ્વ. શ્રીમતી ચંપાબેન, કમળાબેન,
સરસ્વતીબેન, શારદાબેન, સ્વ. બેબીબેન

**સિનિયર સીટીઝન કોરપસ ફંડ**

૧,૨૫,૦૦૦/- શ્રી ભાવિન જતીનભાઈ શાહ (કનાસાનો પાડો)
શ્રી બાલુભાઈ નાનાલાલ શાહની ૩૦મી પુણ્યતિથિ નિમિત્તે
હ. શ્રીમતી આશાબેન, શ્રી જતીનભાઈ,
શ્રીમતી કેશરબેન, શ્રીમતી (દમયંતીબેન, નીશા, પલક)

૧,૨૫,૦૦૦/- શ્રી કૌશલ જનકભાઈ શાહ (કનાસાનો પાડો)
શ્રીમતી અનસુયાબેન બાલુભાઈ શાહની
વિવિધ તપશ્ચર્યાની અનુમોદનાઅર્થે
હ. શ્રીમતી અલકાબેન, શ્રી જનકભાઈ, સોનાલી,
જીજ્ઞા, શીમોની, ક્યારા, તનય, દેવ અને મીશકા

**મહિલા ઉત્કર્ષ કોરપસ ફંડ**

૧,૨૫,૦૦૦/- ચિ. ધ્વની વિમલભાઈ શાહ (કનાસાનો પાડો)
શાળામાં આચાર્ય તરીકેનિમણૂંક થયાની ખુશાલીમાં
હ. શ્રીમતી કલ્પનાબેન, શ્રી વીમલભાઈ,
શ્રી ઉષાબેન, શ્રી મીનાક્ષીબેન, સ્વ. મલ્લિકાબેન,
હેતલ, ઈશાન

**સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ**

૨,૦૦,૦૦૦/- શ્રી મહાસુખલાલ પોપટલાલ શાહ (વાસુપૂજ્યની શેરી)

**દવા સહાય ભેટ**

૫૧,૦૦૦/- શ્રી રાજેન્દ્રભાઈ કાંતિલાલ મંગળચંદ શાહ
(ભાભાનો પાડો)

૨૫,૦૦૦/- શ્રીમતી પ્રવિણચંદ્ર મૂળચંદ શાહ
સ્વાસ્થ્ય પૂર્વક ૮૫ વર્ષ પૂર્ણ કર્યાની ખુશાલીમાં
(લખિયારવાડો)
હ. શ્રીમતી નીનાબેન, શ્રી જતીનકુમાર

**દવા સહાય તથા વૃદ્ધજન સહાય ભેટ**

૪૦,૦૦૨/- શ્રી હેમલભાઈ સુભાષભાઈ શાહ (નિશાળનો પાડો)
ડૉ. સુભાષભાઈ હવસીલાલ શાહના સ્મરણાર્થે

**સમાજ ઉત્કર્ષ ભેટ તથા વિકલાંગ ઉત્કર્ષ ભેટ**

૩૦,૦૦૦/- શ્રી હિતેનભાઈ તથા હેમલભાઈ
શ્રી પ્રવિણભાઈ શાહ પરિવાર (ભાભાનો પાડો)
સ્વ. શ્રીમતી ચંદ્રાબેન પ્રવિણચંદ્ર શાહના સ્મરણાર્થે

**વિકલાંગ ઉત્કર્ષ ભેટ**

૩૦,૦૦૦/- જે.કે. ફાઉન્ડેશન (ભાભાનો પાડો)
(પાટણ દિવ્યાંગ બાળકો માટે યુનિફોર્મ માટે)

૨૫,૦૦૦/- શ્રીમતી મંજુલાબેન પ્રવિણચંદ્ર મૂળચંદ શાહ
સ્વાસ્થ્ય પૂર્વક ૮૫ વર્ષ પૂર્ણ કર્યાની ખુશાલીમાં
(લખિયારવાડો)
હ. શ્રીમતી સીમીબેન, શ્રીમતી પ્રીતિબેન

૨૧,૦૦૦/- શ્રીમતી દેવિન્દ્રાબેન નવિનચંદ્ર રતિલાલ શાહ
(ઢંઢેરવાડો)
સ્વ. શ્રી દેવલ અતુલભાઈ શાહના શ્રેયાર્થે

૫,૦૦૦/- શ્રીમતી નીરૂબેન ધીરેનભાઈ ઝભલાવાલા
(ખેતરવસી, મહાદેવાજીની શેરી)
વૈશાખ સુદ ૧૦ની જિનાલય સાલગીરી નિમિત્તે
(દિશાના બાળકોને બેન્ડ માટે)

**શિક્ષણ સહાય ભેટ**

૨૫,૦૦૦/- શ્રીમતી મંજુલાબેન પ્રવિણચંદ્ર મૂળચંદ શાહ
સ્વાસ્થ્ય પૂર્વક ૮૫ વર્ષ પૂર્ણ કર્યાની ખુશાલીમાં
(લખિયારવાડો)
હ. શ્રી કલ્પેશભાઈ, શ્રી નીતીનભાઈ

**વૃદ્ધજન સહાય ભેટ**

૨૫,૦૦૦/- શ્રી પ્રવિણચંદ્ર મૂળચંદ શાહ
સ્વાસ્થ્ય પૂર્વક ૮૫ વર્ષ પૂર્ણ કર્યાની ખુશાલીમાં
(લખિયારવાડો)
હ. કું. ખુશ્બુબેન, કું. મહેકબેન

**સમાજ ઉત્કર્ષ ભેટ**

૨૫,૦૦૦/- શ્રીમતી પ્રીતિબેન નીતીનભાઈ શાહ
નિર્વિઘ્ને ૯૯ યાત્રા પૂર્ણ કર્યાની ખુશાલીમાં
(લખિયારવાડો)
હ. શ્રી ઋષભભાઈ, શ્રીમતી મીતાલીબેન

**હેલ્થકેર સાધન ભેટ**

૬,૬૫૦/- શ્રી પ્રમોદચંદ્ર શાહ

૫,૦૦૦/- શ્રી સુહાષભાઈ મહેશભાઈ ઝવેરી
સ્વ. શ્રીમતી મીનાક્ષીબેન મહેશભાઈ ઝવેરીના સ્મરણાર્થે

### ભૂલ સુધાર

● પાટણ પ્રતિબિંબમાં માર્ચ અને એપ્રિલ માસમાં છપાયેલ સાભાર સ્વીકારમાં સમાજ વિકાસ ભેટ ખાતે **શ્રી અનીલભાઈ મહાસુખલાલ શાહ (કોકાનો પાડો) સુધારીને વાંચવા વિનંતી.** ● એપ્રિલ-૧૭ના અંકમાં **'શ્રદ્ધાંજલિ'** વિભાગમાં **પ્રભાવતીબેન ચીનુભાઈ શાહ** - કાંદિવલીની **ઉ.વ. ૭૨ છપાયેલ છે જે ૯૨વર્ષ છે. સુધારીને વાંચવા વિનંતી.**


### MATRIMONIAL

**Name** : **AMAR SHAH**
**Parents** : Kishori & Anil Mahasukhlal Shah
**Birth Date** : 29th October 1985 **Height :** 160 cms.
**Education** : B.E. (Electronics & Electrical) Mumbai
M.M.S. & M.B.A. Canberra, Australia
**Profession** : Australian National University, Canberra, Australia
**Patan Mahlla** : Kokano Pado
**Contact No** : 9819192110 **E-mail :** anilshah111@gmail.com

ADVT

## વિવિધ સહાય મેળવવા માટેની અગત્યની સૂચના

સમાજના આર્થિક જરૂરિયાતવાળા કુટુંબો માટે એપ્રિલ-૨૦૧૬થી માર્ચ - ૨૦૧૭ના વર્ષ માટે મંડળમાંથી આર્થિકસહાય, ભાડા સહાય, વૃદ્ધજન સહાય અને મહિલા ઉત્કર્ષ સહાયના અરજીપત્રકો આપવાનું શરૂ થઈ ગયેલ છે. જે અરજીપત્રક સંપૂર્ણ વિગત સાથે ૧૦ જૂન, ૨૦૧૭ સુધીમાં ભરીને નીચે મુજબના સરનામે મોકલી આપવાના રહેશે. દરેક 'સર્વે ફોર્મ' અરજી પત્રક સાથે ભરીને આપવું જરૂરી છે.

આ અરજીપત્રકો સમયસર ભરાઈને આવેથી નવા વર્ષની મંજુર થયેલ સહાય તમારા બૅન્ક ખાતામાં ECSની સુવિધાથી ટ્રાન્સફર કરવામાં આવશે.

સહાય લેનારનું (૧) બૅન્ક ઓફ બરોડા (૨) પાટણ કો.ઓ.બૅન્ક લિ. અને (૩) ગ્રેટર બૅન્ક, આ ત્રણ બૅન્કમાંથી કોઈપણ એક બૅન્કમાં ખાતું હોવું ફરજિયાત છે. અરજીપત્રક સાથે એક કેન્સલ ચેક ફરજિયાત મોકલવાનો રહેશે.

નોંધ : અધૂરી વિગતોવાળું અરજીપત્રક પર ધ્યાન આપવામાં આવશે નહીં.

### અરજીપત્રક મેળવવાના સ્થળો

(૧) શ્રી પાટણ જૈન મંડળ - મુખ્ય કાર્યાલય : ૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ - ૪૦૦૦૨૦.
ફોન : ૨૨૮૧૧૩૪૬ / ૨૨૮૧૧૨૧૮

(૨) શ્રી પાટણ જૈન મંડળ - શાખા કાર્યાલય : એ-૨૩/૧, રતનનગર, દીપ નારાયણ દુબે માર્ગ, બોરીવલી (ઈ), મુંબઈ -૪૦૦૦૬૮. ફોન : ૨૮૯૧૧૩૦૮

(૩) શ્રી પાટણ જૈન મંડળ - શાખા કાર્યાલય : રૂપમ, ૧૫૨, જવાહર નગર, ગોરેગામ (વે), મુંબઈ - ૪૦૦૦૬૨.
ફોન : ૨૮૭૭૬૦૯૦

(૪) શ્રી પાટણ જૈન મંડળ - શાખા કાર્યાલય : શેઠ પ્રમોદકુમાર કેશવલાલ અતિથિગૃહ, પીપળા શેરી, પાટણ - ૩૮૪૨૬૫.
ફોન : (૦૨૭૬૬)૨૨૦૭૧૫

(૫) શ્રી નિલેશ કાન્તિલાલ શાહ : પટ્ટણી એજન્સી, ૭/૧૦/બી, સર્વોદય એપાર્ટમેન્ટ, નારાયણ નગર, ભાયંદર (વે).
ફોન : ૨૮૧૮૧૮૬૧ મો. ૯૩૨૧૧૫૦૧૬૦

❑ શ્રી પાટણ જૈન મંડળ

## સંસ્થા સમાચાર

■ **શ્રી પાટણ જૈન મિત્ર મંડળ - ગોરેગામ દ્વારા** વર્ષ ૨૦૧૭-૧૮, ૨૦૧૮-૧૯, ૨૦૧૯-૨૦૨૦ માટે નવી કમિટિ કારોબારી સમિતિની ચૂંટણી થયેલ. જેના પરિણામ નીચે જણાવેલ મુજબ છે.
૧. પ્રમુખ : શ્રી શૈલેષભાઈ કેશવલાલ શાહ
૨. ઉપ પ્રમુખ : શ્રી સુકેતુભાઈ ભગવાનદાસ શાહ
૩. ઉપ પ્રમુખ : શ્રી બિપીનભાઈ લાભચંદ શાહ
૪. સેક્રેટરી : શ્રી પ્રદિપભાઈ જશવંતલાલ શાહ
૫. સેક્રેટરી : શ્રી પરેશભાઈ અમૃતલાલ શાહ
૬. ખજાનચી : શ્રી સંજયભાઈ કીર્તિલાલ શાહ
કમિટિ મેમ્બર : ૧. શ્રી કેતનભાઈ સેવંતીલાલ ૨. શ્રી દિપકભાઈ મહેન્દ્રભાઈ ૩. શ્રી યશવંતભાઈ મહાસુખલાલ ૪. શ્રી તુષારભાઈ સૂર્યકાન્તભાઈ ૫. શ્રી નિલેશભાઈ અરૂણભાઈ ૬. શ્રી ધનેશભાઈ હીરાલાલ ૭. શ્રી મુકેશભાઈ કીર્તિલાલ ૮. શ્રી જૈમિક નિતિનભાઈ શાહ.

■ **પાટણ પાંજરાપોળનું સ્નેહ સંમેલન :** તા. ૨૫-૬-૨૦૧૭ને રવિવારના દિવસે પાટણ આસપાસના ગામના સરપંચોનું તથા આગેવાન ખેડૂતોનું તથા ઘાસના દાતાઓનું એક સ્નેહ સમ્મેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં વિવિધ ધર્મના આગેવાનો જીવદયા પર માર્ગદર્શન આપશે. કાર્યક્રમ શ્રી બી.ડી.એસ. વિદ્યાલય, ફાટીપાળ દરવાજા, પાટણના પ્રાંગણમાં રાખવામાં આવેલ છે. સર્વ જીવદયા પ્રેમીઓને આ કાર્યક્રમમાં હાજરી આપવા ખાસ વિનંતી છે. કાર્યક્રમ બાદ જમવાની વ્યવસ્થા રાખવામાં આવી છે.

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુ:ખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુ:ખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માઓને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના..

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| દશા શ્રીમાળી | ભાભાનો પાડો | પન્નાબેન કેતનભાઈ શાહ | ૫૬ | મરીનડ્રાઈવ | ૨૮-૦૩-૨૦૧૭ | ચૈત્ર સુદ-૦૧ |
| - | ખજૂરીનો પાડો | પ્રેમીલાબેન રજનીકાંત શાહ | ૮૫ | ચીકાગો (USA) | ૧૪-૦૪-૨૦૧૭ | ચૈત્ર વદ -૦૩ |
| દશા શ્રીમાળી | ચોધરીની શેરી | પ્રકાશભાઈ મોહનલાલ શાહ | ૬૮ | સાંતાક્રુઝ | ૧૭-૦૪-૨૦૧૭ | ચૈત્ર વદ-૦૬ |
| વિશા શ્રીમાળી | ઢંઢેરવાડો | સુમતીલાલ બાપુલાલ શાહ | ૮૬ | મરીનડ્રાઈવ | ૧૭-૦૪-૨૦૧૭ | ચૈત્ર વદ-૦૬ * |
| વિશા પોરવાળ | સંઘવીનો પાડો | સૂર્યકાંત ચંદુલાલ શાહ | ૮૩ | મલાડ | ૨૭-૦૪-૨૦૧૭ | વૈશાખ સુદ-૦૧ |
| દશા પોરવાળ | કટકીયા વાડો | પરેશભાઈ ભરતકુમાર ઝવેરી | ૫૮ | અંધેરી | ૦૩-૦૫-૨૦૧૭ | વૈશાખ સુદ-૦૮ *● |
| દશા ઓસવાલ | ખડાખોટડીનો પાડો | કુસુમબેન સેવંતીલાલ શ્રોફ | ૮૯ | મરીનડ્રાઈવ | ૦૪-૦૫-૨૦૧૭ | વૈશાખ સુદ-૦૯ |
| દશા ઓસવાલ | ખજૂરીનો પાડો | હસુમતીબેન મહેશભાઈ શાહ | ૮૪ | કોલકાતા | ૦૬-૦૫-૨૦૧૭ | વૈશાખ સુદ ૧૧ |
| વિશા શ્રીમાળી | મારફતિયા મહેતાનો પાડો | વસુમતીબેન સેવંતીલાલ શાહ | ૯૪ | ચોપાટી | ૧૩-૦૫-૨૦૧૭ | વૈશાખ વદ-૦૨ |
| વિશા શ્રીમાળી | મારફતિયા મહેતાનો પાડો | બીરેન સુરેશભાઈ શાહ | ૪૮ | ભાયંદર | ૧૩-૦૫-૨૦૧૭ | વૈશાખ વદ-૦૨ |

* ચક્ષુદાન કરેલ છે ✷ દેહદાન કરેલ છે ● ત્વચાદાન + અંગદાન * * દેહદાન કરો અને કરાવો (યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)

## પાટણનું ગૌરવ







## પ્રવચન શ્રુતતીર્થ - શંખેશ્વર



**શ્રી મહાસુખભાઈને અર્પણ થયેલ 'જિનશાસન-શ્રુતરક્ષક-રત્ન' એવોર્ડ**

## શ્રી મહાસુખભાઈ પોપટલાલ શાહ (બચુભાઈ) શ્રુત યજ્ઞના મહાન ઉપાસક

જગતમાં લોકોત્તર શાસન તરીકે જૈન શાસન જયવંતુ છે, આજ શાસન ભવ્યાત્માઓને મોક્ષપદની પ્રાપ્તિ કરાવનારું છે, કારણ કે આ જૈન શાસનની આધારશિલા શ્રુત છે. શ્રુતજ્ઞાનથી આરંભાયેલી જીવનયાત્રાનું અંતિમ મુકામ કેવળજ્ઞાન એટલે **'મોક્ષ'** છે.

અજ્ઞાન એ ઘનઘોર અંધકાર છે એને દૂર કરનાર સૂર્ય 'શ્રુતજ્ઞાન' જ છે. ભવસમુદ્રને પાર પમાડનાર જહાજ 'શ્રુતજ્ઞાન' જ છે. શ્રુત જ શ્વાસ છે, શ્રુત જ પ્રાણ છે, શ્રુત જ ત્રાણ છે. શ્રુત જ આન-બાન ને શાન છે.

**''વિષમકાળે જિનબિંબ જિનાગમ ભવિયણુ કું આધારા'' પૂ. ઉપાધ્યાયજી મહારાજ સાહેબ કહે છે કે, ''જે પ્રભુના શબ્દોને જીવંત રાખવા મથે છે તેને હું નમુ છું એના ગુણો ગાવાનું મને ગમે છે.''**

ભગવાને સ્થાપેલું શાસન આપણને અખંડિત વારસામાં મળ્યું એ શ્રુતજ્ઞાનના પ્રભાવે જ, ૨૬૦૦ વર્ષ જેટલા ટૂંકા ગાળામાં ઝડપભેર શ્રુત વિનાશ પામ્યું. કાળના પ્રભાવે, દુષ્કાળ આદિ કારણે ૧૪ પૂર્વ અને૧૦ પૂર્વનો ક્ષયોપશમ નાશ પામ્યો.

**શ્રી દેવર્ધિ ગણે ક્ષમાશ્રમણ મ. સાહેબે ૫૦૦ ગીતાર્થ આચાર્ય ભગવંતોને વલ્લભીપૂરમાં બોલાવી વીર નિર્વાણથી ૯૮૦માં વર્ષે શ્રુતને પુસ્તકારૂઢ કર્યું અને આ કાર્ય કરતા ૧૩ વર્ષ થયા ત્યારે ૧ કરોડ ગ્રંથનું લેખનકાર્ય થયું.**

મોગલ સમયમાં આ ગ્રંથોનો વિનાશ થયો - ઔરંગઝેબે લશ્કર માટે ચૂલા પેટાવવા આ ગ્રંથોનો ઉપયોગ કર્યો. કેટલાક ગ્રંથોને અંગ્રેજો પરદેશ લઈ ગયા કેટલાક ઉધઈ વગેરે કારણે સડી ગયા. આમ કાળક્રમે શ્રુત ઘટતું જાય છે. પાંચમાં આરાને છેડે છેલ્લે માત્ર દશવૈકાલિક સૂત્ર જ રહેશે. અને જ્યારે આ સૂત્ર પણ નષ્ટ થશે ત્યારે તેજ દિવસે પાંચમાં આરાનો છેલ્લો દિવસ અને છઠ્ઠા આરાની શરૂઆત થશે. વિનાશને અટકાવવાની તાકાત આ શ્રુતમાં છે. **માટે શ્રુતને બચાવો, શ્રુતનું રક્ષણ કરો. આ હાકલ પાટણ નિવાસી વાસુપૂજ્યની શેરી વાળા બચુભાઈએ ઝીલી અને પૂ. આચાર્ય ભ. પૂર્ણચંદ્ર મ.સા. પૂ. આ. ભ. યુગચંદ્ર મ.સા. અને પૂ. હિતરુચી મ.સા. હેમ શ્રવણ મ.સા.ના માર્ગદર્શન નીચે લુહારચાલમાં ડાયમંડ બિલ્ડીંગમાં ૧૩ વર્ષથી શરૂ કર્યું છે.**

આવા શ્રુત યજ્ઞના મહાન મહાન ઉપાસક એટલે આપણા ફોફલિયાવાડાના વાસુપૂજ્યની શેરીના શ્રી મહાસુખભાઈ પોપટલાલ શાહ (બચુભાઈ) જેમને રવિવાર, તા. ૧૪-૫-૨૦૧૭ના દિને ચંદનબાળા (વાલકેશ્વર) ખાતે **''જિનશાસન-શ્રુતરક્ષક-રત્ન''**ના એવોર્ડ દ્વારા જાહેર સન્માન કરી વર્તમાન જિનશાસનમાં પાટણનું ગૌરવ વધારેલ છે, તે બદલ તેઓને અભિનંદન સહ શત્ શત્ વંદન.

પૂ. આચાર્ય ભગવંતો તેમના સમુદાય સાથે સુરતથી મુંબઈ ઉનાળામાં રોજના ૩૦ કિ.મી. થી વધુ વિહાર કરીને ખાસ શ્રી બચુભાઈ સન્માનના સમારોહમાં ખાસ હાજર રહ્યા હતા અને સન્માનીત થયેલ બચુભાઈ વિશે પૂ. આચાર્ય ભગવંતોએ લગભગ ૨ કલાક સુધી સળંગ તેમના કાર્યોની અનુમોદના કરી હતી.

આ પ્રસંગે પ્રવચન શ્રુતતીર્થ ટ્રસ્ટે માત્ર ત્રણ વર્ષના સમય ગાળામાં સ્થાપત્ય નિર્માણ, ગ્રંથ સંશોધન, ગ્રંથ સંરક્ષણ, ગ્રંથ લેખન વગેરે કાર્યોમાં મેળવેલી ધારણાતીત સફળતાની વિગતો પણ રજુ કરવામાં આવી હતી. આ પ્રસંગની નિમંત્રણ પત્રિકામાં ટાંકેલ ઉક્તિઓ અત્રે પુનઃ પ્રકાશિત કરવી અનિવાર્ય ગણાશે.

**''રામ'' ના ઈતિહાસને જીવંત રાખવા ''અયોધ્યા''માં રામમંદિર નિર્માણ જરૂરી ગણાતું હોય તો ''પ્રભુવીર''ના ઈતિહાસને હજી સાડા અઢાર હજાર વર્ષ સુધી અમર રાખવા માટે ''શંખેશ્વર''માં શ્રુતમંદિર નિર્માણ કરવું એથીય વધુ જરૂરી ગણી શકાય.**

શ્રી બચુભાઈએ જૈન શાસનના જિર્ણશીર્ણ થઈ ગયેલ જૈન ગ્રંથોને ૭૦૦ વર્ષથી અધિક સુરક્ષિત રહી શકે તેવા ખાસ બનાવેલ કાગળ ઉપર ખાસ પ્રકારની સાહીથી લહિયાઓ દ્વારા પુનઃ લખાવવાનું કાર્ય મુંબઈની લુહારચાલ ખાતે છેલ્લા ૧૩ વર્ષથી કરાવી રહેલ છે. તે ઉપરાંત શંખેશ્વર ખાતે શ્રુત મંદિરના નિર્માણમાં આગવો ફાળો આપ્યો છે. **લગભગ છેલ્લા ૧૦૦૦ વર્ષમાં શ્રુત રક્ષણ અને શ્રુત જાળવણી માટે આવું કાર્ય ભાગ્યે જ કોઈએ કર્યું હશે.** જિનાલયોના નિર્માણ ઘણા થતા રહે છે, પણ શ્રુત-મંદિરનું નિર્માણ ભાગ્યે જ જોવા મળશે.

શ્રુત-લેખન એ ખૂબ જ મુશ્કેલ કામ છે. જેમાં અલગ-અલગ ભાષાઓમાં (સંસ્કૃત, પ્રાકૃત, માગ્ધી, અર્ધમાગ્ધી) લખાણ હોય છે, જેમાં લેખન ઉપરાંત વ્યાકરણ, ભાષાંતર વિગેરે વિષય પર ચીવટ રાખી ધ્યાન આપવું પડતું હોય છે.

જિનશાસનની જાળવણી માટે જૈન શ્રુતની જાળવણી ખૂબજ મહત્વની છે. શંખેશ્વર તીર્થથી માત્ર ૩ કિ.મી.ના અંતરે હાઈવે પર આવેલું શ્રુતતીર્થ લગભગ રૂા. ૫૦ કરોડના ખર્ચથી બનવાનો અંદાજ છે. શંખેશ્વર ખાતેના આ શ્રુતમંદિરમાં સુવર્ણથી લખાયેલ જિન આગમ ના ૩ સેટ છે આ ઉપરાંત બીજા **અલગ-અલગ ૭૦૦૦ જેટલા સેટ બચુભાઈ હસ્તકની ''શ્રુતગંગા'' સંસ્થામાં વિદ્યમાન છે. હાલમાં ૧૫૦ લહિયાઓ નિયમિત રીતે લેખનનું કાર્ય કરી રહેલ છે. ૪૫ આગમ ના ૪૦ સેટ દેશભરના અલગ-અલગ ધર્મસ્થાનકોમાં મોકલવામાં આવ્યા છે.**

શ્રી બચુભાઈએ શ્રુત મંદિરના નિર્માણમાં જે ભગીરથ કાર્ય કર્યું છે તેની સરખામણી મહારાજા કુમારપાળના કાર્ય સાથે કરી શકાય. **કહેવાય છે કે, મહારાજા કુમારપાળ એમના સમયમાં ૨૦ જેટલા શ્રુત મંદિરનું નિર્માણ કરીને કેવળજ્ઞાનના પંથે ગયા હતા.**

પૂ. આચાર્ય ભગવંતોના જણાવ્યા મુજબ શ્રી બચુભાઈ જે કાર્ય કરે છે તે સમસ્ત જૈન શાસન માટે ગૌરવરૂપ છે.

**ધન્ય છે આવી વિરલ વ્યક્તિને અને તેમના પારદર્શક વ્યક્તિત્વને...!!**

❑ **શ્રી પાટણ જૈન મંડળ**

Postal Regd. No. MCS / O84 / 2015-17 W.P.P. License No. MR/TECH/WPP-120/South /2017.
PATAN PRATIBIMB ● May 2017 ● PRICE Rs. 2/- ● Published on 20th of every month
● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month

# PATAN PREMIER LEAGUE (PPL)

## CRICKET TOURNAMENT

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરાય છે. સમાજના જુદા જુદા રહેઠાણ વિસ્તાર મુજબની ટીમોમાં, સમાજના ઘણા યુવા ખેલાડીઓ ભાગ લઈ તેને સફળતા અપાવે છે. સમાજના ટેલેટેન્ડ ખેલાડીઓને વધુ પ્રોત્સાહન પ્રાપ્ત થાય તેમજ વધુ ખેલાડીઓ ભાગ લઈ શકે તેવા શુભ આશયથી ઈન્ડિયન પ્રિમિયર લીગની (IPL)માફક ચાલુ વર્ષે પ્રાયોગીક ધોરણે પાટણ પ્રિમિયર લીગ (PPL) ટુર્નામેન્ટનું નવેમ્બરથી ફેબ્રુઆરી દરમિયાન આયોજન કરવાનું વિચારણા હેઠળ છે.

IPL ની માફક જ આ સમગ્ર ટુર્નામેન્ટના એક મુખ્ય સ્પોન્સરર રહેશે અને દરેક ટીમોના માલિક (owner) રહેશે. આ સ્પોન્સરર અને ઓનર્સના નામોની જાહેરાત પ્રત્યેક મેચ વખતે પ્રસિદ્ધિ આપવામાં આવશે. પ્રત્યેક મેચોનું આયોજન વિવિધ જીમખાનાઓના ગ્રાઉન્ડ ઉપર રહેશે. આ ટુર્નામેન્ટમાં ભાગ લેવા ઈચ્છુક ખેલાડીઓએ તે અંગેનું જરૂરી ફોર્મ Online ભરવાનું રહશે. વધુ વિગત પછીના પ્રતિબિંબમાં આપવામાં આવશે.

પાટણ પ્રિમિયર લીગ ટુર્નામેન્ટના મેઈન સ્પોન્સરર તેમજ જુદી જુદી ટીમોના ઓનર્સ બનવા ઈચ્છુક સમાજના દાતાઓએ મંડળના સ્પોર્ટ્સ કમિટિના નીચે જણાવેલ સભ્યોનો તા. ૧૫-૬-૨૦૧૭ સુધીમાં સંપર્ક કરવા વિનંતી છે.

**શ્રી કમલેશભાઈ મો. : 98200 45595 • શ્રી પુનીતભાઈ મો. : 9821734331**

## કોલેજ પ્રવેશમાં ઉપયોગી માઈનોરીટી અથવા ગુજરાતી હોવાનું સર્ટીફીકેટ

સમાજના એસ.એસ.સી./એચ.એસ.સી. માં પાસ થનાર વિદ્યાર્થીઓને કોલેજમાં પ્રવેશ મેળવવા માટે મુંબઈની કેટલીક શાળા-કોલેજોમાં ગુજરાતી હોવા અંગેનું ગુજરાતી સર્ટીફીકેટ અથવા માઈનોરીટી સર્ટીફીકેટની જરૂરત રહે છે. તેના અનુસંધાનમાં શ્રી પાટણ જૈન મંડળમાં પુરૂ નામ, સરનામું, પાટણનો મહોલ્લો, જ્ઞાતિ વિ. વિગતોસહ અરજી કરનાર પાટણ સમાજના વિદ્યાર્થી ભાઈ-બહેનોને ઉપરોકત સર્ટીફીકેટ તુરતજ આપવામાં આવે છે. તો જરૂરતમંદ પરિવારોએ વહેલી તકે અરજી સાથે મંડળના મુખ્ય કાર્યાલયનો સંપર્ક સાધવા વિનંતી.

### Programs for June 2016

| S No | Committee | Day | Date | Tithi | Time | Place | Program |
|---|---|---|---|---|---|---|---|
| 1 | **Program** | Sun | **18-June** | **Jeth S 9** | 6 pm | Patkar Hall, Marine Lines | **Music Mingle 2017** |

### Tentative Programs for Forthcoming Months

| S No | Committee | Day | Date | Tithi | Time | Place | Program |
|---|---|---|---|---|---|---|---|
| 1 | **Program** | Sun | 13-Aug | Shravan V 6 | 9 am | Hindi Vidhyalay | **Vyakhyan** |
| 2 | **Soc & Eco Upliftment** | Sun | **10-Sept** | Bhadarva V 5 | 10 am to 8 pm | Sahara Star, Vile Parle(E) | **Trade Fair** |

Printed & Published by CHANDRAVADAN SARABHAI SHAH on behalf of SHRI PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.

**Editor : CHANDRAVADAN SARABHAI SHAH**

TO,